
# ગૂજરાત વિદ્યાપીઠ સાદરા દ્વારા ઓનલાઈન કાર્યશાળા યોજાઈ




ગાંધીનગર, તા. ૨૯

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિતે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. તે અંતર્ગત તારીખ ૨૮/૦૯/૨૦૨૦ના રોજ એન.એસ.એસ. સેલ ગાંધીનગર, ક્ષેત્રીય નિર્દેશાલય અમદાવાદ ભારત સરકાર, કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ કેન્દ્ર તથા આજીવન શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગ ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ઓનલાઈન કાર્યશાળા યોજાઈ હતી. તેમાં પ્રોગ્રામ ઓફિસર અને સ્વયં સેવકોની ભૂમિકા કોવિદ-૧૯ ના સંદર્ભમાં વિષય ને લઈ ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી રમેશભાઈ માછી, મુખ્ય મહેમાન ધર્મેન્દ્ર તિવારી, વિષય ભૂમિકા ડૉ. અરુણભાઈ ગાંધી, વિષય નિષ્ણાત તરીકે તેજસભાઈ ઠાકર, વક્તા તરીકે ડૉ.નિરજ સીલીવટ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ અરુણભાઈ ગાંધી એ વિષય ભૂમિકામાં કોરોનાની ગંભીરતા ને લઈને વિશ્વ, ભારત અને ગુજરાતમાં નોંધાયેલ કોરોના દર્દીઓના આકડાકીય માહિતી રજૂ કરી આવનાર સમયમાં આપણે શું કરી શકીશું તેની વાત કરી.

રમેશભાઈ માછીએ રાષ્ટ્રીય સેવા યોજના અંર્તગતે મહા મારીમાં લોકડાઉન વખતે થયેલ કાર્ય વિશે તથા મુશ્કેલીઓના સમયમાં એન.એસ.એસ. દ્વારા થઈ રહેલા કાર્યો વિશે ચર્ચા કરી.


વિષય નિષ્ણાત તરીકે શ્રી તેજસભાઈ ઠાકરે રાષ્ટ્રના નાગરિક તરીકે આપણી શું ભૂમિકા હોય અને સ્વ વિકાસ દ્વારા રાષ્ટ્ર વિકાસ થાય તેની વાત કરી. કોરોના રોગની ગંભીરતા અને તેનાથી બચવા માનસિક સ્વાચ્ય અને શારીરિક સ્વાથ્ય સાચવવા માટેની વાત કરી. કાર્યક્રમના મુખ્ય મહેમાન અધ્યક્ષ દુરદર્શન કેન્દ્ર અમદાવાદના ધર્મેન્દ્ર તિવારીએ ભારતીય યોગ, આધ્યાત્મિક તથા ભાગવત ગીતા તથા રામાયણના વિવિધ ઉદાહરણો આપી જીવન શૈલીની વાત કરી હતી.

કાર્યક્રમનું સંચાલન મા દેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મદદનીશ પ્રાધ્યાપક ડૉ.મોતી દેવએ કર્યુ હતું આ કાર્યકમમાં ગુજરાત રાજયની તમામ યુનિવર્સીટી અને તમામ જિલ્લાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસરો જોડાયા હતા.

# હાર્ટફૂલનેસ સંસ્થા દ્વારા આયોજિત 'ગોડ લવ સફળ જીવનની ચાવી' વિષય પર ત્રિ-દિવસીય ઓનલાઈન સેમિનાર

ગાંધીનગર, તા. ૨૯


કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીઍ) નાં ૮૯૦ વિદ્યાર્થીઓ આ વર્કશોપ માં જોડાયા હતા. હાર્ટફુલનેસ સંસ્થાના પ્રમુખ કમલેશભાઈ પટેલ કે જેઓ દાજીના હુલામણા નામથી સમગ્ર વિશ્વમાં જાણીતા છે તેઓ દ્વારા વ્યાવસાયિક જીવનમાં આગળ વધવા તત્પર વિદ્યાર્થીઓ ને મેડિટેશન દ્વારા શારીરિક તેમજ માનસિક રીતે સ્વસ્થ બનવા જણાવ્યુ હતું તેમજ મેડિટેશન એ સાંપ્રત કોવિડની પરિસ્થિતીમાં વ્યક્તિ ને મજબૂત માનસિક સ્વસ્થ્તા કેળવવા ઉપયોગી બનશે.




મુખ્યવક્તા તરીકે પ્રશાંત વાસુ ચેન્નઈથી ખાસ ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ યુવા વિદ્યાર્થીઓ ને મેડિટેશન એ મૂળભૂત શું છે કઈ અવસ્થા છે તે ખૂબ સરળ રીતે સમજાવ્યું તેમજ વિદ્યાર્થીઓને ધ્યાનનું જીવનમાં મહત્વ બાબત પર ઉપયોગી માહિતી આપી સાથે સાથે વિદ્યાર્થીઓ ને મુંજવતા પ્રશ્નો ના સંતોષકારક ઉત્તર પણ આપ્યા હતા.ધ્યાન બાબતે વિદ્યાર્થીઓ ને ઊંડી સમજ આપવા માં આવી હતી. જેમાં વ્યક્તિત્વ વિકાસ તેમજ પ્રોફેશનલ જીવનમાં આવતા પડકારો બાબતે ખુબ ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. સાથેસાથે આધ્યાત્મિકતા ને અને વ્યક્તિગત જીવનમાં ઉપયોગી અનેક પાસાઓને સેશન દરમ્યાન સ્પર્શવામાં આવ્યા હતા.

કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ.રમાકાન્ત પ્રસ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ.જયેશ.જે.તન્ના, ડો.આશિષ ભુવા, ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કૉલેજ પરિવાર દ્વારા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## જન્મદિને વધામણી



કિરણ હસમુખલાલ પટેલ
મો. ૯૪૨૬૫ ૮૨૫૯૪



જાનકી પૂનમભાઈ નાયી
મો. ૯૯૦૪૮૯૧૨૮૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા COVID-19 Pandemic Awareness & Understanding વિષય પર વેબિનાર


ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમની જીજ્ઞાશાવૃતિ કેળવાય તેવા પ્રકારના કાર્યક્રમોનાં ભાગરુપે અને હાલની કોરોના મહામારીની પરિસ્થિતિને અનુલક્ષીને શ્રીમતી. આર.સી. પટેલ સેકન્ડરી સ્કુલ ના વિદ્યાર્થીઓ માટે COVID-19 Pandemic Awareness & Understanding વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાયન્સ સેન્ટરના કોઓડીનેટર હાર્દિક મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને COVID-19 ની હાલની પરિસ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ કોરોનાથી બચવા માટે સતર્કતા અને સાવચેતી રાખવાની હિમાયત કરવામાં આવી હતી.કોરોનાથી બચવા માટે માસ્ક, સેનેટાઈઝાર, સામાજીક અંતર જેવી બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરી હતી.

ગુજકોસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ વીડીઓમાં એપોલો હોસ્પીટલના નિષ્ણાત ડૉ.મનોજ ગુમ્મબર અને ગાંધીનગરના જાણીતા ઓર્થોપેડિક સર્જન ડૉ.વિવેક વાછાણી વચ્ચે કોરોના વાયરસના લક્ષણો, બચવા માટેના ઉપાયો તેમજ જરૂરી સાવચેતી અંગેની પ્રશ્નોત્તરી રજુ કરવામાં આવી હતી. કોરોનાની સચોટ માર્ગદર્શન માટે આ વિડીઓ પણ દેખાડવામાં આવ્યો હતો.

આ વેબીનારમાં આર.સી.પટેલ સેકન્ડરી સ્કુલના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને




શિક્ષકો જોડાયા હતા. વેબીનારને સફળ બનાવવા માટે હિતેન્દ્રભાઈ પટેલ - વિજ્ઞાન શિક્ષક, આર.સી.પટેલ સેકન્ડરી સ્કૂલ, તેમજ શિવાંગ પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# આઈઆઈટી ગાંધીનગર અને ફ્લિન્ડર્સ યુનિવર્સિટી દ્વારા એક દિવસીય આંતરરાષ્ટ્રીય વેબિનારનું આયોજન

## વેબિનારમાં ગાંધીવાદી વિષયોના પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો દ્વારા આંતરવિષયક પેનલ ચર્ચા અને ટોક્સ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટીજીએન) અને ફ્લિન્ડર્સ યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયા, SPARC, ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના સહયોગથી, 'ગાંધી અને આદિવાસી પ્રશ્ન' પર ૦૧ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ, બપોરે ૧ થી ૭ સુધી (IST) એક દિવસીય આંતરરાષ્ટ્રીય વેબિનરનું આયોજન કરી રહ્યા છે. આ સેમિનારમાં ગાંધીજી અને તેમના શિષ્યોનો આદિવાસીઓ સાથેનું લાંબા સમયનું જોડાણ અને ગાંધીજીના વિચારોની હાલની આદિવાસી સામાજિક ચળવળો પર કેવી અસર પડી છે તેની ચર્ચા કરવામાં આવશે.

વેબિનારમાં આ વિષય પર આંતર શાખાકીય પેનલ ચર્ચા કરવામાં આવશે, જેમાં વિવિધ વિષયો રજૂ કરવામાં આવશે, જેમ કે આદિવાસી કાર્યકરો દ્વારા ગાંધીવાદી શબ્દભંડોળનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે, પશ્ચિમ ભારતના આદિવાસી સમુદાયો પર 'આશ્રમ' પદ્ધતિનો પ્રભાવ, પૂર્વીય ભારતના તાના ભગતોમાં ગાંધીની કલ્પના, અને હિંદ-સ્વરાજ જેવા મુખ્ય ગાંધીવાદી ગ્રંથોની સમકાલીન આદિવાસીઓમાં સમજણ.

વકતાઓમાં સેંટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ધનંજય રાય; બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટી, ઔરંગાબાદના બીના સેનગર; જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સંગીતા દાસગુપ્તા; એમ.સી. રાઠવા કોલેજ, પાવી જેતપુરના અર્જુન રાઠવા; આદિવાસી સાહિત્ય એકેડેમીના જીતેન્દ્ર વસાવા; અને આદિવાસી એકતા પરિષદના અશોક ચૌધરીનો સમાવેશ થાય છે.

ડૉ ડેનિયલ જે રાયક્રોફ્ટ, અધ્યક્ષ, ઈન્ડિયા ડાયલોગ, યુનિવર્સિટી ઓફ ઈસ્ટ ઍગ્લિઆ, યુ.કે., 'આદિવાસી અધ્યયનમાં માનવ ગૌરવનો પ્રશ્નહ્ન પર મુખ્ય વકતવ્ય આપશે.

ઈવેન્ટ વિશેની વધુ વિગતો, પ્રોગ્રામ બ્રોશર, શેડ્યૂલ અને ઝૂમ સેમિનારમાં જોડાવા માટેની વેબલિંક અહીં ઉપલબ્ધ છેઃ https://events.iitgn.ac.in/2020/gaq/

વેબિનારમાં જોડાવા માટેની લિંકઃ http://tiny.cc/attendee-isgaq

# જાયન્ટ્સ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા ગરીબ પરિવારને જૂના ઉપયોગી કપડાનું વિતરણ

ગાંધીનગર,તા. ૨૯

'જાયન્ટસ્ વીકની ઊજવણી'ના ભાગરુપે જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલી દ્વારા જૂના પરંતુ ઉપયોગમાં લઈ શકાય તેવા કપડાં એકઠાં કરી સેકટર-૧૬/૨૩ના ઝૂંપડપટ્ટીના જરૂરતમંદ ગરીબ પરિવારમાં વિતરણ કરવાનો સુંદર કાર્યક્રમ રાખેલ હતો. જેનાથી નાના-મોટા બાળકો, પુરુષો, સ્ત્રીઓ વિગેરે અંદાજિત ૧૩૦ જેટલા જરૂરતમંદ ગરીબ વ્યક્તિઓને કપડાં વિતરણ કરાવેલ હતા. જેમાં જા.વે.ફા. ઉસીના બ્રાન્ચ પ્રમુખ બી એમ પટેલ, બ્રાન્ચ ફાયનાન્સ વસંતભાઈ પટેલ, સાહેલી ગૃપના પ્રમુખ તથા મનપા કાઉન્સિલર શ્રીમતી નીલાબેન શુક્લ અને સાહેલી પૂર્વ પ્રમુખ મનીષાબેન પટેલે હાજરી આપી હતી.




# દેશભરમાં 'ગનર્સ ડે'ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

દર વર્ષે તા. ૨૮મી સપ્ટેમ્બરને ગનર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે આ દિવસની ૧૯૩મી ઉજવણી થઈ રહી છે. આ દિવસ ઉજવવા પાછળનું કારણ એ છે કે આ દિવસે ઈ.સ ૧૮૨૭ માં ૨.૫ ઈંચ ગનથી સજ્જ પાંચ તોપો ઉભી કરવામાં આવી હતી. હાલમાં તે તોપો ૫૭ ફીલ્ડ રેજિમેન્ટનો ભાગ છે. જેમાં બેલીસ્ટિક મિસાઈલ, મલ્ટિ બેરલ રોકેટ લોન્ચર, હાઈ મોબિલીટી ગન, મોર્ટાર્સ પ્રેસિઝન ગાઈડ મ્યુનિશન્સ, રડાર વગેરેનો સમાવેશ થાય છે જે સેનાને એક ખૂબ મહત્વનું બળ પૂરું પાડે છે. આ તોપો હંમેશાં યુદ્ધના સમયે જીત માટેના અસરકારક પરિબળ તરીકે સાબિત થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર રેજિમેન્ટમાં વિકટોરિયા ક્રોસ, ૧૫ મિલીટરી ક્રોસિંગ, એક અશોકચક્ર, સાત મહાવીર ચક્ર,નવ કિર્તિ ચક્ર, ૧૦૧ વીર ચક્ર, ૬૩ શૌર્ય ચક્ર જેવા અગત્યના ખિતાબોનો સમાવેશ થાય છે. કારગિલ યુદ્ધમાં પણ આ તોપો દ્વારા દુશ્મનો ઉપર દારૂગોળાની વર્ષા કરી દુશ્મનોની યુદ્ધ ક્ષમતા અસરકારક રીતે ઓછી કરી દીધેલ હતી અને વર્તમાનમાં આ યુદ્ધના હથિયારો ભારત સરકારની ''મેક ઈન ઈન્ડિયા'' પહેલ નીચે નવી ઊંચાઈઓ સર કરવા સુ-સજ્જ થઈ રહ્યા છે અને જે ભારતીય સેનાની યુદ્ધ ક્ષમતામાં પહેલા કરતાં પણ અનેકગણો વધારો કરશે એવી સંરક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલ ઓફિસરે જણાવેલ હતું. વધુમાં તેમણે જણાવેલ કે હવે ટેકનોલોજીમાં આધુનિક વિકાસ થતાં ઉપયોગી શસ્ત્રોની કાર્યક્ષમતામાં પણ ખૂબ વધારો થયેલ છે જે સેનાના સૂત્ર ''સન્માન અને ગૌરવ સાથે આગળ વધીએ'' ને ચરિતાર્થ કરે છે.

# શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા ઓનલાઈન ચિત્રસ્પર્ધાનું આયોજન




ગાંધીનગર, તા. ૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓમાં શાળા કક્ષાએથી જ વૈજ્ઞાનિક અભિગમ કેળવાય, અવલેકનશક્તિ અને તર્કશક્તિનો વિકાસ થાય, વિજ્ઞાન ક્ષેત્રમાં કાર્ય કરવાની ક્ષમતા કેળવાય તેવા સુચારૂ અભિગમ સાથે તા. ૨૧-૦૯-૨૦૨૦ને સોમવારનાં રોજ ઓનલાઈન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધોરણ ૭ વિદ્યાર્થીઓએ ઘરમાંથી જ મળતા પદાર્થો જેવાં કે હળદર પત્ર અને બેઝીક પદાર્થોનો ઉપયોગ કરી સુંદર બર્થ-ડે કાર્ડ, કુદરતી દશ્ય અને પાણી બચાવોની થીમ પર આબેહુબ ચિત્રો બનાવી પોતાની સર્જનાત્મક શક્તિને ખીલવી હતી.

શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે શાળા પરિવાર વતી માતા-પિતાનાં સહયોગથી તથા વિજ્ઞાન શિક્ષક વિક્રમભાઈનાં માદર્ગદર્શનથી ઉત્કૃષ્ઠ ચિત્રકામ કરનાર તમામ બાળ વૈજ્ઞાનિકોને અભિનંદન સહ વિજ્ઞાન જ્ઞેત્રમાં સફળતા પ્રાપ્ત કરે અને શાળાનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી છે.

# સ્મિત મ્યુઝિક દ્વારા 'કોરોના વોરીયર્સ કે નામ ગ્યારહ શો'



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની જાણીતી સંસ્થા સ્મિત મ્યુઝિકના કોરોના વોરીયર્સની સેવા સહસિકતાને ગીત સંગીત જરીયે બીરદવવા,સન્માન સલામી અર્પવા, તથા તેઓ સ્વસ્થ રહે એ પ્રાર્થના શુભેચ્છા હેતુ પુરા સપ્ટેમ્બરના દરેક વીક એન્ડમાં સુઆયોજીત, ''એઝેડ-મ્યુજીક-ટાઈટલથી,કે જેમાં પાટીસીપન્ટસોએ પોતાની પસંદગીના ફીલ્મી પ્લેબેક સીગરના ગીતો ગાઈ, અગીયાર એફબી-લાઈવ શો યોજાઈ ગયા.

આ અગીયાર શોમાં ગાંધીનગરના યુવાઓ,જુનીયર સીનીયર એમ કુલ ૨૮ કલાકારોએ, ૩૫ ઉપરાંત ગાયકોના કોરોના વોરીયસીને ગુલદસ્તા સમા કુલ ૧૮૬ ગીતો ગાઈ જમ્બો શો યોજાયેલ હતો. ડોકટર્સથી લઈ તમામ મેડીકલ પેરા મેડીકલ, પોલીસ ડીપાર્ટમેન્સ,પ્રેસ મીડીયા, ઈલેકટીકલ, દુધ ડેરી એમ તમામ આવશયક સેવાઓ, કોપોરેશન, સામાજીક સંસ્થાઓ વગેરે ઈવન ગ્રોસરી સ્ટોર્સથી લઈ સફાઈ કામદાર, વ્યક્તિગત સેવાર્થી તમામને ખુબખુબ બીરદાવેલ હતા.

તા.૫-મી-સપ્ટેમ્બર પ્રથમ-શો અને ૨૪-મી.સપ્ટેમ્બર અગીયામાં શોમાં સીગીંગ પરફોર્મ માટે ખાસ તમામ વોરીયર્સ વીંગ વતી ડો-સંજય શાહ, ડો.રાજીવ હર્ષે,જીગર મેવાડા પોલીસ અધીકારી, કશ્યપ નીમાવત પ્રેસ મીડીયા, તેમજ વીજ વીભાગના ધીમન્ત ભટ, તેવી જ આવશયક સેવાઓ અમુલ મધર ડેરીના હીમાંશુ પુરોહીતને પરફોર્મ કરવા નીમંત્રીત કરેલ અને સર્વેને પુષ્પગુરછથીવંદનકરી ઉમીયા ઈલે, કનુભાઈ વતી જયોતી ગજજરે સ્મૃતિ ભેટ આપ્યા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચોખાનું વિતરણ





ગાંધીનગર,તા. ૨૯

૨૮મી સપ્ટેમ્બરના દિવસે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા મુકામે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦૧ લાભાર્થીઓને આવરી લઈ અણુક ને ચપ્પલ તથા ચશ્માનું વિતરણ કરાયું હતું.

ત્યારબાદ ભાટાઈ મુકામે વિતરણ થયું હતું. અમૃતભાઈ, મોન્ટુ, દેવ, ડૉ. અતુલભાઈ તથા મિલિન્દભાઈ આ સેવાકીય પ્રવૃત્તિમાં હાજર રહ્યા હતા.